# સરકારી કચેરીઓમાં સંક્રમણની સુનામી

## સરકારી ઓફિસોમાં મોટા ભાગના ઉચ્ચ અધિકારીઓ કોરોનાની ચપેટમાં આવતાં કચેરીઓમાં કામકાજ ઠપ્પ થયુ

કોરોનાની ત્રીજી લહેરમાં ખુબ જ ઝડપથી સંક્રમણ ફેલાઈ રહ્યું છે. સંક્રમણ દર ખુબ જ ઝડપથી વધતો હોવાથી એક સાથે ઘણા બધા લોકો સંક્રમણની ચપેટમાં આવી રહ્યા છે. સરકારી કચેરીઓમાં તો સંક્રમણની જાણે સુનામી આવી ગઈ છે. ઉચ્ચ અધિકારીઓ કોરોનાની ચપેટમાં આવતા સરકારી કામકાજ જાણે કે ઠપ્પ થઈ ગયુ છે.

કોરોનાની ત્રીજી લહેર વ્યાપક બની છે. છેલ્લા કેટલાક દિવસોથી દિવસે ને દિવસે રેકોર્ડ બ્રેક કેસ નોંધાઈ રહ્યા છે. ગાંધીનગરમાં પણ સંક્રમણ ખુબ જ ઝડપથી ફેલાઈ રહ્યુ છે. શહેરી વિસ્તારો સહિત હવે ગ્રામ્ય વિસ્તારોમાં પણ સંક્રમણ ખુબ જ ઝડપથી ફેલાઈ રહ્યુ છે. ગાંધીનગર શહેરમાં દૈનિક કેસોનો આંક પાંચસોની નજીક પહોંચ્યો છે. ગાંધીનગરની સરકારી કચેરીઓમાં સંક્રમણ દર ખૂબ જ ઝડપથી વધુ રહ્યુ છે. એક પછી એક કર્મચારીઓ અને અધિકારીઓ સંક્રમિત થઈ રહ્યા છે. સરકારી કચેરીઓમાં કોરોનાનુ સંક્રમણ ખુબ જ વધતા ફફડાટનો માહોલ છે. કર્મચારીઓ અને અધિકારીઓ લોકોને સીધા જ મળવાનુ ટાળી રહ્યા હોવા છતાં સંક્રમણ વધતુ જાય છે. સરકારી કચેરીઓમાં કોરોનાની જાણે કે સુનામી આવી છે.

મોટાભાગની સરકારી કચેરીઓમાં કર્મચારીઓ અને અધિકારીઓ સંક્રમિત થતાં જોવા મળી રહ્યા છે. મહત્વની પોસ્ટ પર રહેલા અધિકારીઓ કોરોનાની અસર હેઠળ આવતા હોમ આઈસોલેટ થયા છે. જેના કારણે સરકારી કામકાજ પર અસર પહોંચી છે. કામકાજ જાણે કે ઠપ્પ થઈ ગયુ છે. કોરોનાની અસરના કારણે સરકારી કચેરીઓમાં હાજરી પણ ઓછી જોવા મળી રહી છે.

## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




ન્યાય આંધળો છે એ સાચુ... આપણું તો કોઈ વિચારતું જ નથી કે વર્ક ફ્રોમ હોમ આપણે કઈ રીતે કરવું... ?

# પ્રજાસત્તાક દિનની ગાંધીનગર જિલ્લા કક્ષાની ઉજવણી રામકથા મેદાન, સેકટર-૧૧ ખાતે કરાશે

## રાષ્ટ્રીય પર્વ નિમિત્તે ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવી રાષ્ટ્ર ધ્વજ ફરકાવી સલામી આપશે

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લામાં તા. ૨૬ જાન્યુઆરી, પ્રજાસત્તાક પર્વની જિલ્લા કક્ષાની ઉજવણી ગાંધીનગરના રામકથા મેદાન, સેકટર- ૧૧, ખાતે યોજાશે. ગાંધીનગર જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક પર્વમાં ગૃહ રાજય મંત્રી હર્ષ સંઘવી રાષ્ટ્ર ધ્વજ ફરકાવી સલામી આપશે.

ગાંધીનગરના રામકથા મેદાન ખાતે યોજાનાર પ્રજાસત્તાક પર્વની ઉજવણીના સુચારૂ આયોજન અર્થે ગાંધીનગર જિલ્લા કલેકટર ડૉ. કુલદીપ આર્યના અધ્યક્ષસ્થાને આજરોજ જિલ્લાના અધિકારીઓની બેઠક મળી હતી. આ બેઠકમાં જિલ્લાકક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણી ગાંધીનગરના સેકટર-૧૧માં આવેલા રામકથા મેદાનમાં કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રપર્વ પ્રજાસત્તાક દિનની ઉજવણી દરમ્યાન એસ.ઓ.પી.ના માર્ગદર્શનનું સંપૂર્ણ પાલન થાય તે રીતે મહાનુભાવો અને અન્યની બેઠક વ્યવસ્થા કરવાનું કલેકટરે સંબંધિત અધિકારીને સૂચના આપી હતી. તેમજ આ કાર્યક્રમના સ્થળે પાર્કિંગ વ્યવસ્થા, પીવાના પાણીની સુવિધા, સુશોભન જેવી અનેક બાબતોની સમીક્ષા કરવામાં આવી હતી. રાષ્ટ્રીય પર્વની ઉજવણી નિમિત્તે પોલીસ જવાનો અને હોમગાર્ડના જવાન દ્વારા પરેડ રજૂ કરવામાં આવશે. તેની સાથે સાથે વિવિધ ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી કરનાર કર્મયોગીઓનું સન્માન કરવામાં આવશે.

પ્રજાસત્તાક પર્વના સુચારૂ આયોજન માટે મળેલી બેઠકમાં નિવાસી અધિક કલેકટર રીતુ સિંગ, નાયબ વન સંરક્ષક એસ.એમ. ડામોર, જિલ્લા ગ્રામ વિકાસના નિયામક સુશ્રી દેવાંગી દેસાઈ, ડી.વાય.એસ.પી. એમ.જે. સોલંકી, કલોલ પ્રાંત અધિકારી એ.ડી. જોષી સહિત સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લાતંત્રમાં આજે બેઠકોનો દોર હોવાથી તંત્ર આખો દિવસ બેઠકોમાં વ્યસ્ત રહ્યુ હતુ.
- અધિક માહિતી નિયામક અરવિંદભાઈ પટેલ કોરોનાથી સંક્રમિત થયા છે.
- ગાંધીનગર બ્રહ્મસમાજના પ્રમુખ પિનાકીન રાવલ કોરોનાથી સંક્રમિત થયા છે.
- કલ્ચરલ ફોરમના સરકોષાધ્યક્ષ પંકજ દેસાઈ અને તેમની પત્ની કોરોનાથી સંક્રમિત થતાં આશ્કા હોસ્પિટલમાં દાખલ કરાયા.
- રાજ્ય ગૃહમંત્રી હર્ષ સંઘવીનો કોરોના રિપોર્ટ નેગેટીવ આવતાં તેઓ આજે કેબિનેટની બેઠકમાં હાજર રહ્યા હતા.
- શિક્ષણમંત્રી જીતુ વાઘાણી કાર્યક્રમની વ્યસતતાને કારણે કેબિનેટ બેઠકમાં ખાસ્સા મોડા પહોંચ્યા હતા.
- યુ.પી.એસ.સી.ના સભ્ય એરમાર્શલ અજીત ભોંસલે આજે ગાંધીનગરની મુલાકાતે હતા.
- ૨૨ અને ૨૩ જાન્યુઆરીના રોજ ડભોડા હનુમાનજી મંદિર બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.
- પૂર્વ કેબિનેટ મંત્રી અને પૂર્વ સાંસદ દિલીપભાઈ સંઘાણી ઈફકોના ચેરમેનપદે ચુંટાઈ આવ્યા છે.
- જિલ્લા પંચાયતના પ્રમુખની અધ્યક્ષતામાં ૨૬મી જાન્યુઆરીની પંચાયત સંકુલમાં ઉજવણીના આયોજન માટે આજે બેઠક મળશે.

# આજે ભાજપ દ્વારા રાજ્યભરમાં ૫૭૯ મંડળોમાં એક સાથે ઐતિહાસીક બેઠક યોજાશે

## બેઠકમાં આશરે કુલ ૪૦ હજારથી વધુ કાર્યકર્તાઓ ભાગ લેશે

આવતીકાલે તા. ૨૦ જાન્યુઆરી-૨૦૨૨ના રોજ રાજ્યભરમાં કુલ ૫૭૯ મંડળોમાં એક સાથે ઐતિહાસીક બેઠક યોજાશે. ચૂંટાયેલા પદાધિકારીઓ, ધારાસભ્યો, સાંસદો, નગરપાલિકા/જિલ્લા પંચાયતના પ્રમુખો/સભ્યોના વિશેષ માર્ગદર્શન હેઠળ આ બેઠક બપોરે ૧૨.૧૫ કલાકે શરૂ થશે અને આશરે બે કલાક સુધી ચાલશે. આ બેઠકમાં કુલ અલગ અલગ જગ્યાએ અંદાજીત ૪૦ હજારથી વધુ કાર્યકર્તાઓ ભાગ લેશે. ભારતીય જનતા પાર્ટી દ્વારા સૌ પ્રથમ વખત એક સાથે આ બેઠક ગુજરાત પ્રદેશમાં યોજાનાર છે.

આવનાર ગુજરાત વિધાનસભામાં પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલે ગુજરાતમાં ૧૮૨ બેઠકો જીતવા જે પેજ સમિતિનું શસ્ત્ર આપ્યુ છે તે અંગે ચર્ચા કરવામાં આવશે. પેજ સમિતિને વધુ મજબૂત કરવા માટે ચર્ચા કરવામાં આવશે તેમજ બાકી રહેલ પેજ સમિતિને ઝડપથી પૂર્ણ કરવા માટે ચર્ચા કરવામાં આવશે. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા કરાયેલ વિવિધ વિકાસના કામો, પ્રજાલક્ષી યોજનાઓ કેવી રીતે જન જન સુધી પહોંચાડવી, આગામી વિધાનસભાની ચૂંટણી અંગે પણ આ બેઠકમાં ચર્ચા કરવામાં આવશે. સંગઠનને વધુ મજબૂત કેવી રીતે કરવું તે અંગે માર્ગદર્શન આપવામાં આવશે સાથે સંગઠાત્મક ચર્ચા કરવામાં આવશે. કોરોનાની સંપુર્ણ ગાઈડલાઈન સાથે ગુજરાતમાં એક સાથે એક સમયે ૫૭૯ સ્થળો પર બેઠક યોજાશે.



માર્ગોને પહોળા કરવામાં આવતા ગટરના ઢાંકણા મુખ્ય માર્ગોની વચ્ચે આવી ગયા છે. ગટરના ઢાંકણાઓ પરથી વારંવાર વાહનો પસાર થતા તે તુટી જાય છે. ચ-૬ સર્કલ પાસે ગટરનું ઢાંકણું તુટી જતાં તે જોખમી પુરવાર થઈ રહ્યું છે.



સેકટર-૬માંથી સેકટર-૫માં જવાના માર્ગ પર માટી નાંખી દેવામાં આવી છે. આ માર્ગ પર માટી નાંખી દઈ તેને બંધ કરી દેવામાં આવ્યો છે. અવરજવર માટે આ રસ્તો બંધ થતા વસાહતીઓને અવરજવરમાં તકલીફ પડી રહી છે.

# 'આઝાદીના અમૃત મહોત્સવથી સ્વર્ણિમ ભારત તરફ' કાર્યક્રમની શરૂઆત કરશે વડાપ્રધાન નરેન્દ્ર મોદી

'આઝાદીના અમૃત મહોત્સવથી સ્વર્ણિમ ભારત તરફ' કાર્યક્રમની ભવ્ય શરૂઆત ૨૦મીના રોજ સવારે ૧૦.૩૦ વાગ્યે વડાપ્રધાન નરેન્દ્ર મોદી વીડિયો કોન્ફરન્સના માધ્યમથી કરશે. બ્રહ્માકુમારી સંસ્થા તથા ભારત સરકારના સાંસ્કૃતિ મંત્રાલય દ્વારા આયોજિત આ મહોત્સવની શરૂઆત સંસ્થાના સાકાર સંસ્થાપક પ્રજાપિતા બ્રહ્માબાબાની ૫૩મી પુણ્યતિથીના અવસર પર કરવામાં આવી રહી છે. આ કાર્યક્રમને રાજસ્થાનના રાજ્યપાલ કલરાજ મિશ્રા, કેન્દ્રીય સાંસ્કૃતિક મંત્રી કિશન રેડ્ડી, ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ સંબોધિત કરશે. સંબોધન બાદ વડાપ્રધાન રાષ્ટ્રીય સ્તર પર ચાલનારા બ્રહ્માકુમારીઝના સાત અભિયાનોની લીલી ઝંડી બતાવી શરૂઆત કરશે. આ કાર્યક્રમની જાણકારી આપતા બ્રહ્માકુમારીઝ સંસ્થાના કાર્યકારી સચિવ બી.કે. મૃત્યુંજયએ જણાવ્યુ હતુ કે બ્રહ્માકુમારીઝ સંસ્થાના મુખ્ય પ્રશાસિકા રાજયોગીની દાદી રાતનમોહિનીની અધ્યક્ષતામાં આયોજિત આ આંતરરાષ્ટ્રીય સંમેલન અને અભિયાનમાં દેશ જ નહી પણ વિદેશથી પણ ઘણી ખ્યાતનામ હસ્તીઓ ઓનલાઈન સામેલ થશે. આ અવસર પર ગ્રેમી એવોર્ડથી સન્માનિત એક્ટર રિકી કેજ દ્વારા વિડીયો આલબમ પણ રીલીઝ કરવામાં આવશે.

# આજે જિલ્લા પંચાયતમાં પ્રથમ શાખાધિકારીઓ અને પછી સત્તાધારી પક્ષના સભ્યોની બેઠકો યોજાશે

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આજે પ્રથમ શાખાધિકારીઓ અને ત્યારબાદ ચૂંટાયેલી ભાજપ પાંખના સભ્યોની બેઠક મળશે.

જિલ્લામાં વિકાસના કાર્યોને વેગ મળે અને ચૂંટાયેલી પાંખ અને વહીવટીય પાંખ વચ્ચે સુયોગ્ય સંકલન રહે તે હેતુથી આ બેઠકનું આયોજન કરવામાં આવ્યુ છે. જો કે વધતા જતા સંક્રમણને ધ્યાને રાખી પ્રથમ શાખાધિકારીઓની બેઠક મળશે અનો ત્યારબાદ સત્તાધારી પક્ષના સભ્યોની બેઠક મળશે.

જેમાં વિકાસના કામો અને યોજનાઓના અમલીકરણ અંગે ચર્ચાઓ કરવામાં આવશે. જોકે શાખાધિકારીઓની બેઠકમાં યોજનાઓના અમલીકરણમાં પ્રગતિની સમીક્ષા કરવામાં આવશે.

જિલ્લા પંચાયતમાં સંકલન બેઠક બોલાવવાની માંગ કરાઈ હતી પરંતુ કોવિડના વધેલા સંક્રમણ અને સંકલન સમિતિની રચના માટે કાર્યવાહી કરવી જરૂરી હોવાથી આજે બે અલગ અલગ બેઠકો મળશે.

જિલ્લા પંચાયતની છેલ્લી બેઠકમાં સંકલન સમિતિની રચના અને તેની બેઠકને લઈ ચર્ચાઓ થઈ હતી જે ઉલ્લેખનીય છે.

# રાજ્યના વરિષ્ઠ નાગરિકોની મદદ માટે એલ્ડર હેલ્પલાઈન નંબર ૧૪૫૬૭ લોન્ચ કરાયો

ગાંધીનગર, તા. ૧૯

સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી પ્રદીપભાઈ પરમારે રાજ્યના વરિષ્ઠ નાગરિકોને પડતી નાની મોટી મુશ્કેલીઓના નિવારણ માટે **Help Age India**ના સહયોગથી રાજ્યમાં કરીને વરિષ્ઠ નાગરિકો કે જેઓ તેમની ઢળતી જતી વયને કારણે ઘરની બહાર નીકળી શકતા નથી તેમજ જૈફવયે પોતાના સંતાનોની




નાગરિકોની મદદ માટે એલ્ડર હેલ્પલાઈન નંબર ૧૪૫૬૭ લોન્ચ કરતા કહ્યું કે રાજ્યના વરિષ્ઠ નાગરિકોના સ્વસ્થ વૃદ્ધત્વ માટે રાજ્ય સરકાર વરિષ્ઠ નાગરિકોની હરહંમેશ પડખે છે.

મંત્રી પ્રદીપભાઈ પરમારે કહ્યું કે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સરકાર રાજ્યના તમામ વર્ગોની સમસ્યાઓનો હકારાત્મક ઉકેલ લાવવા સતત પ્રયત્નશીલ છે. રાજ્યના વરિષ્ઠ નાગરિકોની ફરિયાદોના નિવારણ માટે એક મંચ તરીકે કામ કરી તેમના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવવા મદદરૂપ થશે.

હેલ્પલાઈન શરૂ કરવામાં આવી છે. આ હેલ્પલાઈન રાજ્યના વરિષ્ઠ નાગરિકોની ફરિયાદોના નિવારણ માટે એક મંચ તરીકે કામ કરી તેમના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવવા મદદરૂપ થશે.

મંત્રી પરમારે આ અંગે વિશેષ જાણકારી આપતા જણાવ્યું હતું કે ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સમાજના તમામ વર્ગોની અને તેમાં ખાસ દુર્લક્ષતાને કારણે એકલતા અનુભવતા વડીલોની સરકાર દ્વારા વિશેષ સંભાળ લેવાય તે હેતુથી કેન્દ્ર સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ અને **Help Age India**ના સહયોગથી એલ્ડર લાઈન ગુજરાત-૧૪૫૬૭ને મંજૂરી આપવામાં આવી હતી જે અંતર્ગત મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ આ હેલ્પલાઈન કાર્યરત કરવામાં આવી છે.

# પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ કર્મચારી મંડળના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા.૧૯

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની વડી કચેરી ગાંધીનગર ખાતે ડી.આર. ચુડાસમાના અધ્યક્ષ સ્થાને મળેલ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ કર્મચારી મંડળના સામાન્ય સભામાં વર્ષ ૨૦૨૨ માટે હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. જેમાં વિજયસિંહ કે. વાઘેલા (પ્રમુખ), દોલતસિંહ આર. ચુડાસમા (મહામંત્રી), રાજેશકુમાર આર. ઠક્કર (ઉપપ્રમુખ), પ્રિયંકાબેન એન. પટેલ (ઉપપ્રમુખ), પ્રવિણસિંહ પી. ચૌહાણ (સહમંત્રી), હીતેશ એમ. સોરઠીયા (સહમંત્રી), દિપક આર. પ્રજાપતિ (સંગઠનમંત્રી), જીતેન્દ્ર કલાલ (ખજાનચી), રાજેન્દ્રકુમાર ડી. પાટીલ (ઓડીટર), પરબતભાઈ ઓ. ધુવા (સલાહકાર), જયંતીભાઈ સી. પટેલ (સલાહકાર) તરીકે સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

# ચિલોડામાં રખડતા ઢોરોના ત્રાસમાંથી છૂટકારો

## રખડતા ઢોર પકડ ઝુંબેશ અભિયાન અંતર્ગત ખેતીના પાકોનું ભેલાણ અને અકસ્માતની સમસ્યાનો અંત

ચિલોડા, તા. ૧૯

ગાંધીનગર તાલુકાના ચિલોડા ગામમાં છેલ્લા બે વર્ષથી રખડતાં ઢોરોનો અસહ્ય ત્રાસ વધી જવા પામ્યો છે. પરિણામે ખેતરોમાં મોડી રાત્રે રખડતાં ઢોરોના ટોળેટોળા ઉભા પાકના ખેતરોમાં ઘુસી જતાં પાકનું ભેલાણ થતાં આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. આ ઢોરોની સમસ્યાથી ખેડૂતો ભારે ચિંતાતુર બન્યા હતા. ગામમાં ગાંધીનગર માર્ગ-દહેગામ-ઈસનપુર માર્ગ - ગામના મુખ્ય પ્રવેશ દ્વારે નાના-મોટા રખડતાં ઢોરોના અડીંગાથી છેલ્લા બે વર્ષથી પાક ભેલાણ અને જાહેર રસ્તામાં વાહનોના અકસ્માતોથી લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા. આ સમસ્યાને લીધે ઠંડીમાં ખેડૂતો મોડી રાતથી સવાર સુધી રવીપાક ઘઉં, જુવાર, એરંડા, શાકભાજી, બટાકા, લસકોના પાકને



બચાવવા રાતવાસો ચોકી પહેરો અને જાગરણ કરવાથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા. આ ભેલાણ અટકાવવા મોટાભાગના ખેડૂતોએ ના છૂટકે ખેતરોને ફરતે તાર ફેન્સીંગનો ખર્ચ કરતાં આર્થિક ફટકો સહન કરવાનો વારો આવ્યો છે. ત્યારે ના છૂટકે જાગૃત ખેડૂતો દ્વારા ગ્રામ પંચાયતના ટ્રેક્ટરમાં ટ્રેઈલર પાંઝરૂની મદદથી રખડતાં ઢોરોની પકડ અભિયાન ચલાવ્યુ ત્યારબાદ ગાંધીનગર મહાનગરપાલિકાનું ઢોર પકડ ટ્રેક્ટર અને પાંજરૂ દ્વારા ઢોર પકડવાની ઝુંબેશ સઘન બનાવી હતી. આમ ગામમાં ભેલાણ કરતા અને આડેધડ રખડતાં ઢોરોને પકડવાની યોગ્ય કાર્યવાહી હાથ ધરી હતી. પરિણામે આ વિકટ સમસ્યાનું નિરાકરણ થતાં ખેડૂતોમાં રાહત અને હાંશકારો અનુભવ્યો હતો. આમ ઢોર પકડ ઝુંબેશ દ્વારા રખડતાં ઢોરોને નિયંત્રણ કરવા તેમજ યોગ્ય અમલવારી થાય તેવી માંગ પ્રવર્તી રહી છે.